**GUJARAT BILL NO. 13 OF 2023.**

# THE GUJARAT PAYMENT OF UNEMPLOYMENT ALLOWANCE TO UNEMPLOYED BILL, 2023.

***A BILL***

*to provide for payment of unemployment allowance to the unemployed persons in the state of Gujarat and for matters connected therewith.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૩.**

# ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક, ૨૦૨૩.

*ગુજરાત રાજ્યમાં બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું ચૂકવવા અને તેની સાથે સંકળાયેલ બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો– **વ્યાખ્યા.**

(ક) ‘‘સરકાર’’ એટલે ગુજરાત રાજ્યની સરકાર;

(ખ) ‘‘ઠરાવેલું’’ એટલે રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવેલું;

(ગ) ‘‘બેરોજગારી ભથ્થું’’ એટલે સરકારે બેરોજગાર વ્યક્તિઓને ચૂકવવાનું ભથ્થું;

(ઘ) ‘‘બેરોજગાર’’ એટલે જેની પાસે વેતનિક રોજગારી અથવા કોઇ પ્રકારની સ્વ–રોજગારી ન હોય તેવી વ્યક્તિ;

**૩.** રાજ્ય સરકારે, નીચેની વ્યક્તિઓને, નીચેના દરે, દર મહિને, બેરોજગારી ભથ્થું ચૂકવવું જોઇશે– **બેરોજગારી ભથ્થાંની ચૂકવણી.**

(૧) ડબલ ગ્રેજ્યુએટ હોય તેવી બેરોજગાર વ્યક્તિને રૂપિયા ૫૦૦૦.

(૨) ગ્રેજ્યુએટ હોય તેવી બેરોજગાર વ્યક્તિને રૂપિયા ૪૦૦૦.

(૩) ઉચ્ચત્તર માધ્યમિક અથવા માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર ધરાવતા બેરોજગાર વ્યક્તિને રૂપિયા ૩૦૦૦.

(૪) વિધવા, વિકલાંગ અને સ્વજનો દ્વારા ત્યજી દેવામાં આવેલી વ્યક્તિઓ સહિત ઉપર્યુક્ત કોઇ વર્ગમાં ન આવતા બેરોજગાર વ્યક્તિને રૂપિયા ૨૫૦૦.

નિયમો કરવાની સત્તા. **૪.** (૧) રાજ્ય સરકારે, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે એક મહિનાની અંદર નિયમો કરવા જોઇશે.

(૨) આ નિયમો અહીં હવે પછીના કોઈ સમયે ગુજરાત વિધાનસભા દ્વારા કરવામાં આવનાર સુધારાને અધીન રહેશે.

## ઉદ્દેશો અને કારણો

એક દાયકાથી રાજ્યમાં મોટા પાયે બેરોજગારી પ્રવર્તે છે. હાલની નોટબંધી અને લોકડાઉનએ અર્થતંત્રનું ખૂબ ખરાબ રીતે નુકસાન કર્યું છે. વેપાર, વાણિજ્ય અને ધંધા મોટા પાયે બંધ થયા છે. રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર, યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી મોટા પાયે બહાર પડતા એવા તમામ વ્યક્તિઓને નોકરી કે સ્વ–રોજગાર આપતા નથી. તેથી, રોજગાર શોધતી વ્યક્તિઓ અને બેરોજગારીની સંખ્યા દિવસે–દિવસે વધતી જાય છે. આ પરિસ્થિતિ બેરોજગાર વ્યક્તિઓને ગંભીર માનસિક હતાશા તરફ દોરી જાય છે અને તેમને આત્મહત્યા તરફ દોરી જાય છે. તેમને દર મહિને બેરોજગારી ભથ્થું આપીને મદદ કરવાની રાજ્ય સરકારની તે ફરજ બને છે જેથી, આવા લાચાર બેરોજગાર વ્યક્તિઓ, ગરિમાથી સમ્માનપૂર્ણ જીવન જીવી શકે અને ઓછામાં ઓછા બે સમયનું ભોજન મેળવવામાં સમર્થ બને. તેથી, તેમને દર મહિને બેરોજગારી ભથ્થું આપવા માટે જોગવાઇ કરવામાં આવી છે.

તેથી, આ વિધેયક.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**

**તારીખ: ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## નાણાકીય ચાદી

આ વિધેયકની કલમ ૩થી, તે કલમમાં ઠરાવવામાં આવેલા દરે, રાજ્યમાં બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું ચૂકવવા માટે જોગવાઇ કરી છે. જેથી રાજ્યના એકત્રિત ફંડમાંથી આશરે ૧૦૦૦ કરોડ રૂપિયાનો વાર્ષિક ખર્ચ થવા સંભવ છે. આ આવર્તક પ્રકારનું ખર્ચ રહેશે.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**

**તારીખ: ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

## ધારાકીય સત્તા સોંપવાની ચાદી

વિધેયકની કલમ ૪થી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે. આ સોંપણી સામાન્ય પ્રકારની છે.

**ગાંધીનગર,** **ઇમરાન ખેડાવાલા,**

**તારીખ: ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **વિ.સ.સ.**

----------

# ગુજરાત વિધાનસભા સચિવાલય

**[ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩ ]**

ગુજરાત રાજ્યમાં બેરોજગાર વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું ચૂકવવા અને તેની સાથે સંકળાયેલ બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

**[ શ્રી ઈમરાન ખેડાવાલા,**

**વિ.સ.સ.]**

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩જી તારીખે ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

**ડી. એમ. પટેલ,**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# THE GUJARAT PAYMENT OF UNEMPLOYMENT ALLOWANCE TO UNEMPLOYED BILL, 2023.

**GUJARAT BILL NO. 13 OF 2023.**

***A BILL***

*to provide for payment of unemployment allowance to the unemployed persons in the State of Gujarat and for matters connected therewith.*

It is hereby enacted in the Seventy fourth Year of the Republic of India as follows:-

**Short title, extent and commencement.**

**1.** (1) This Act may be called The Gujarat Payment of Unemployment Allowance to Unemployed Act, 2023.

(2) It shall extends to the whole of the State of Gujarat.

(3) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Definitions.**

**2.** In this Act, unless the context otherwise requires -

(a) "Government'' means the Government of the State of Gujarat.

(b) "Prescribed'' means prescribed by rules made by the State Government.

(c) "Unemployment allowance'' means an allowance to be paid by the Government to the unemployed persons.

(d) "Unemployed'' means a person who is not having a paid job or any kind of self-employment.

**Payment of Unemployment Allowance.**

**3.** The State Government shall pay, every month, the Unemployment allowance to the following persons at the following rates-

(1) Rs. 5000 to the unemployed person who is a double graduate.

(2) Rs. 4000 to the unemployed person who is a graduate.

(3) Rs. 3000 to the unemployed person who is having a higher secondary or a secondary education certificate.

(4) Rs. 2500 to the unemployed person not falling in any of the above categories including widows, handicapped and persons deserted by relatives.

**Power to make rules.**

**4.** (1) The State Government shall make rules, within one month, for carrying out the purposes of this Act.

(2) The rules shall be subject to modifications to be made by the Gujarat Legislative Assembly at any time hereinafter.

## STATEMENT OF OBJECTS AND REASONS

Large scale of unemployment is prevailing in the State since a decade. The recent demonetization and lockdown has deteriorated the economy very badly. The trade, commerce and business at large scale of close down. The State Government or the Central Government are not giving jobs or self-employment to all of those persons which the Universities and educational institutions are producing on a large scale. Therefore, number of employment seeking persons and unemployment is growing day by day. This situation leads the unemployed persons to a serious mental depression leading them to commit suicide. it becomes the duty of the State Government to help by giving them an unemployment allowance every month so that these helpless unemployed persons can live a respectful life gracefully and be able to get at least two time simple food. It is therefore provided to give them unemployment allowance every month.

Hence this Bill.

**Gandhinagar,** **IMRAN KHEDAWALA,**
**Dated the 13th February, 2023.** **M.L.A.**

## FINANCIAL MEMORANDUM

Clause 3 of the Bill provides for payment of unemployment allowance to unemployed persons in the State at the rate prescribed in that clause. This is likely to involve annual expenditure of ₹ 1000 crores from the Consolidated Fund of the State. This is a recurring expenditure in nature.

**Gandhinagar,** **IMRAN KHEDAWALA,**
**Dated the 13th February, 2023.** **M.L.A.**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

Clause 4 of the Bill provides for delegation of power of making rules for carrying out the purposes of this Act. The delegation is of normal character.

**Gandhinagar,** **IMRAN KHEDAWALA,**
**Dated the 13th February, 2023.** **M.L.A.**

------------

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**[ GUJARAT BILL NO. 13 OF 2023 ]**

**A BILL**

*to provide for payment of unemployment allowance to the unemployment persons in the State of Gujarat and for matters connected therewith.*

**[ IMRAN KHEDAWALA,**

**M. L. A. ]**

(As published in the Gujarat Government Gazette of the 3rd March, 2023)

**D. M. PATEL,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

-----------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.